1/4

# AHMEDABAD MUNICIPAL CORPORATION

**As per The Gujarat Town Planning & Urban Development Act, 1976 Section 29(1), 34, 49(1)(B) &The Gujarat Provincial Municipal Corporation Act, 1949, section 253/254**

## Commencement Letter (Rajachitthi)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **CASE NO.** | : | **BHNTI/NWZ/230224/CGDCRV/A8154/R0/M1** | **DATE :** | | 16 APR 2024 |
| **RAJACHITTHI NO.** | : | **05597/230224/A8154/R0/M1** | | | |
| **ARCH./ENGG NO.** | : | 001ERH15032901346 | **ARCH./ENGG. NAME** | : | UTSAV DIPAKBHAI PATEL |
| **C.W. NO.** | : | 001CW28122510186 | **C.W. NAME** | : | DHAVAL M PANCHAL |
| **S.D. NO** | : | 001SE25062600003 | **S.D. NAME** | : | ACHAL J. PARIKH |
| **DEVELOPER LIC. NO.** | : | 001DV02042901271 | **DEVELOPER NAME** | : | UTSAV DIPAKBHAI PATEL |
| **SUPERVISOR LIC. NO.** | : | 001SR18102510326 | **SUPERVISOR NAME** | : | DHAVAL MAHIPATBHAI PANCHAL |

**OWNER NAME** : (1) JAYANTILAL KESHAVLAL PATEL (2) BHIKHABHAI RATIBHAI PATEL (3) RAKESHKUMAR JAYANTIBHAI PATEL (4) BHAGVATKUMAR JAYANTIBHAI PATEL (5) HARESHKUMAR BHIKHABHAI PATEL (6) NARESHKUMAR BHIKHABHAI PATEL

**OWNER'S ADDRESS** : SARVASVA ABODE, SARVASVA CROSS ROAD, 120 FEET ROAD, NEW SCIENCE CITY ROAD, B/H EVER GREEN PARTY PLOT, BHADAJ, , AHMEDABAD, GUJARAT, INDIA.

**OCCUPIER NAME** : (1) JAYANTILAL KESHAVLAL PATEL (2) BHIKHABHAI RATIBHAI PATEL (3) RAKESHKUMAR JAYANTIBHAI PATEL (4) BHAGVATKUMAR JAYANTIBHAI PATEL (5) HARESHKUMAR BHIKHABHAI PATEL (6) NARESHKUMAR BHIKHABHAI PATEL

**OCCUPIER'S ADDRESS** : SARVASVA ABODE, SARVASVA CROSS ROAD, 120 FEET ROAD, NEW SCIENCE CITY ROAD, B/H EVER GREEN PARTY PLOT, BHADAJ, , AHMEDABAD, GUJARAT, INDIA.

**ELECTION WARD** : 08 - THALTEJ    **ADMIN. ZONE** : NORTH WEST ZONE

**T.P. SCHEME NO. & NAME:** 221-SOLA- BHADAJ- OGNAJ

**PROPOSED FINAL PLOT NUMBER** : 1205+1206(MOJE:BHADAJ, R.S.NO.200/B/P, 201/A/P)

**SUB PLOT NUMBER** :    **BLOCK/TENEMENT NO.** : A+B

**SITE ADDRESS** : SARVASVA ABODE, SARVASVA CROSS ROAD, 120 FEET ROAD, NEW SCIENCE CITY ROAD, B/H EVER GREEN PARTY PLOT, BHADAJ, AHMEDABAD.

**HEIGHT OF BUILDING** : 36.11 METER

**TOTAL HEIGHT OF BUILDING** : 36.11(BUILDING HEIGHT)+5.50(STAIR CABIN, L.M.R, O.H.W.T.)+1.00(LIGHTENING ARRESTER)=42.61 METER

| Floor Number | Use | BuiltUp Area (In Sq mtr.) | Total Nos.of Residential Units | Total Nos.of Non Residential Units |
|---|---|---|---|---|
| SECOND CELLER | PARKING | 1823.75 | 0 | 0 |
| FIRST CELLER | PARKING | 1828.31 | 0 | 0 |
| GROUND FLOOR | COMMERCIAL | 758.70 | 0 | 18 |
| GROUND FLOOR | METER ROOM | 27.66 | 0 | 0 |
| GROUND FLOOR | SOCIETY COMMON AMMENITIES | 95.46 | 0 | 0 |
| GROUND FLOOR | PARKING | 312.47 | 0 | 0 |
| GROUND FLOOR | ELECTRIC SUB STATION | 12.96 | 0 | 0 |
| FIRST FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| SECOND FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| THIRD FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| FOURTH FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| FIFTH FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| SIXTH FLOOR(REFUGE FLOOR) | RESIDENTIAL | 919.42 | 7 | 0 |
| SEVENTH FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| EIGHTH FLOOR(REFUGE FLOOR) | RESIDENTIAL | 919.42 | 7 | 0 |
| NINTH FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| TENTH FLOOR | RESIDENTIAL | 891.46 | 7 | 0 |
| ELEVENTH FLOOR | RESIDENTIAL | 661.33 | 5 | 0 |
| STAIR CABIN | STAIR CABIN | 264.90 | 0 | 0 |
| LIFT ROOM + OHWT | LIFT | 88.54 | 0 | 0 |
| | Total: | 14844.6 | 75 | 18 |

Abajapati 16/04/24    16/04/2024    PR Patel 16/04/2024    16/4/24

**T.D.Sub Inspector(B.P.S.P.)** i/c    **T.D.Inspector(B.P.S.P)**    **Asst. T.D.O. (B.P.S.P.)**

**Note / Conditions :**

1. THIS DEVELOPMENT PERMISSION IS GRANTED WITH CONDITION THAT APPLICANT AND ENGG./ARCH. WILL OBEY ALL BONDS AND AFFIDAVITS PRODUCED BY APPLICANT AND ENGG./ARCH.
2. THIS APPROVAL IS GIVEN ACCORDING TO MUNICIPAL COMMISSIONER OFFICE ORDER DATED 02/03/05 AND OFFICE ORDER NO-42, DT-13/06/06.
3. THIS DEVELOPMENT PERMISSION IS GRANTED UNDER C.G.D.C.R.-2017 AS PER LETTER NO: GH/V/269 OF 2017/EDB-102016-3629-L, DATED:- 12/10/2017 AND LETTER NO: GH/V/31 OF 2018/EDB-102016-3629-L, DATED:- 31/03/2018 AND LETTER NO: EDB-102016-3629-L, DATED:- 31/03/2018 AND LETTER NO: GH/V/45 OF 2018/EDB-102016-3629-L, DATED:-23/04/2018 AND LETTER NO: GH/V/152/EDB-102016-3629-L, DATED:-5/11/2018 AND LETTER NO: GH/V/307/EDB-102016-3629-L, DATED:-20/12/2017, AND LETTER NO.- GH/V/143 OF 2019/EDB-102016-3629-L, DATED:-3/10/2019, LETTER NO- GH/V/ 174 of 2020/EDB-102016-3629-L, DATED:-11/11/2020 AND NOTIFICATION NO-GH/V/86 OF 2023/UDUHD/WRT/e-file/18/2023/3253/L DATED:-13/04/2023 AND NOTIFICATION NO.GH/V/125 OF 2022/PARCH-102021-3127-L DATED:13/09/2022 OF URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT, GOVT. OF GUJARAT.
4. OWNER-APPLICANT-DEVELOPER SHALL HAVE TO PROVIDE BARRICADE OF STEEL-SHEETS/TIN-SHEETS OF SUFFICIENT HEIGHT (NOT LESS THAN 3.00MT.) DURING CONSTRUCTION/DEMOLITION ACTIVITY, AT ALL EDGES OF PLOT FOR SAFETY PURPOSE.
5. THIS CASE HAS BEEN SCRUTINIZED AND APPROVED BY BUILDING PLAN SCRUTINY POOL ON DT:-26/03/2024.
6. APPLICANT/OWNER/ ARCHITECT/ENGINEER/STRUCTURE ENGINEER/CLERK OF WORKS (SITE SUPERVISOR) ARE SOLE RESPONSIBLE FOR ANY CASUALTY OR DAMAGE TO THE SURROUNDING PROPERTY DURING THE EXCAVATION/CONSTRUCTION OF THE CELLAR, AND INSTEAD OF ENTIRE EXCAVATION IN ONE STRETCH, CONSTRUCTION OF THE CELLAR WILL HAVE TO DO BY PHASE WISE EXCAVATION PROVIDING PROTECTIVE SUPPORT(SHORING/STRUTTING). AND FOR THE SAFETY OF THE ADJOINING PROPERTIES DURING EXCAVATION/CONSTRUCTION, THE NECESSARY ARRANGEMENTS WILL HAVE TO BE MADE BY THE STRUCTURAL ENGINEER/ENGINEER/CLERK OF WORK (SITE SUPERVISOR) FOR CONTINUOUS SUPERVISION AND IF REQUIRED URGENT ADDITIONAL ARRANGEMENT WILL HAVE TO BE MADE FOR THE SAFETY. AND AS PER THE NOTARIZED UNDERTAKING/AFFIDAVIT GIVEN BY THE OWNER / APPLICANT / DEVELOPERS / ARCHITECT / ENGINEER / STRUCTURAL ENGINEER /CLERK OF WORKS, THE COMMENCEMENT CERTIFICATE (RAJACHITTHI) WILL BE SUSPENDED/REVOKED WITH IMMEDIATE EFFECT, IF THE CONSTRUCTION / EXCAVATION / DEMOLITION WORK IS BEING DONE WITHOUT PROPER PRECAUTIONS TO ENSURE SAFETY.
7. PROVISION FOR SUMP/PUMP OF SUFFICIENT CAPACITY WITH CATCHPIT AT EACH LEVELES OF BASEMENT/CELLER AT SITE SHALL BE PROVIDED AND MEASURES SHOULD BE TAKEN TO KEPT IT PERMANENTLY OPERATIONAL TO PREVENT FLOODING OF BASEMENT/CELLER AND TO KEEP IT DRY.
8. THIS DEVELOPMENT PERMISSION IS GRANTED SUBJECT TO RELAVENT TERMS AND CONDITIONS SPECIFIED IN OPINION GIVEN BY T.P.O. UNIT-1, REF.NO.TPS.221(OGNAJ-SOLA-BHADAJ)/CASE NO.1084/6424 DATED:-16/09/2023 SUBJECT TO CONDITION THAT OWNER HAS TO OBEY TO THE BOND (IN CONTEXT TO T.P.O. OPINION).
9. THIS PERMISSION IS SUBJECT TO OTHER TERMS/CONDITIONS SPECIFIED IN BOND GIVEN BY APPLICANT FOR DEVELOPMENT IN DRAFT T.P.SCHEME AREA.
10. THIS PERMISSION IS GIVEN ON THE BASIS OF OPINION FOR NET DEMAND (BETTERMENT CHARGES) GIVEN BY ASSIT.CITY PLANNER, CITY PLANNING DEPT. IN LETTER NO.:-CPD/A.M.C/GENERAL/O.P.-554, ON DT.:-07/12/2023.
11. THIS PERMISSION IS GIVEN ON THE BASIS OF KABJA KARAR OPINION GIVEN BY A.E.O.(N.W.Z.), REF. NO.9503 DT.03/02/2024.
12. THIS PERMISSION IS GRANTED AS PER THE N.O.C. OF AIRPORT AUTHORITY OF INDIA ON DTD.27/12/2023, REF.NOC ID NO.AHME/WEST/B/121623/855674 AND ALL TERMS AND CONDITION MENTION IN ORDER WILL BE APPLICABLE AND BINDING TO OWNER/APPLICANT.
13. THIS PERMISSION IS GRANTED SUBJECT TO RELAVENT TERMS AND CONDITIONS MENTIONED IN OPINION ALONG WITH CERTIFIED PLAN GIVEN BY FIRE DEPARTMENT ON DT.12/12/2023(FOPN-NW01-001-H-0100039). FIRE NOC WILL BE OBTAINED AND FIRE PROTECTION CONSULTANT WILL BE APPOINTTED BY OWNER/APPLICANT BEFORE APPLIYING FOR B.U. PERMISSION AND NOTERIZED UNDER TAKING GIVEN BY OWNER/APPLICANT. ALL TERMS AND CONDITION MENTION IN NOTERIZED UNDER TAKING WILL BE APPLICABLE AND BINDING TO OWNER/APPLICANT.
14. ALL RELAVANT TERMS AND CONDITIONS MENTIONED IN N.A. PERMISSION ORDER NO.:-5771/07/17/059/2023 ON DT.:-18/05/2023, BY COLLECTOR (AHMEDABAD), IT IS SUBMITTED BY OWNER-APPLICANTS.

15. THIS PERMISSION IS GIVEN ON THE BASIS OF OPINION FOR PROPERTY TAX GIVEN BY DIVISIONAL SUPERINTENDENT(PROPERTY TAX DEPT., N.W.Z.) ON DT.30/01/2024.
16. APPLICANT SHALL HAVE TO MAKE PROVISION FOR ROOF TOP SOLAR ENERGY INSTALLATION AND GENERATION AS PER CL.17.5.1 OF CGDCR-2017 AND ALL TERMS AND CONDITION MENTION IN ORDER WILL BE APPLICABLE AND BINDING TO OWNER/APPLICANT.
17. RAIN WATER STORAGE TANK SHALL BE PROVIDE AS PER CGDCR-2017 CLAUSE NO. 17.2.
18. IN EVERY WATER CLOSETS OR TOILET, IT SHALL BE MANDATORY TO PROVIDE DOUBLE BUTTON CISTERN (DUAL FLUSH TANK).
19. AS PER THE PROVISION OF REAL ESTATE (REGULATION AND DEVELOPMENT) ACT-2016, NO DEVELOPERS(PROMOTERS) WILL MAKE ADVERTIZEMENT FOR SALE, MARKETING, BOOKING OR OFFER FOR REAL ESTATE PROJECT LIKE PLOT, APARTMENT OR BUILDING OR PART OF THEIR, UNTIL THE REGISTRATION IS DONE IN THE REAL ESTATE REGULATORY AUTHORITY(RERA) OFFICE.
20. THIS DEVELOPMENT PERMISSION IS GIVEN ON THE CONDITION THAT OWNER/APPLICANTS HAVE TO PROVIDE TEMPORARY RESIDENTIAL ACCOMODATION FOR SKILLED/UNSKILLED CONSTRUCTION LABOURS IN THEIR PREMISES WITH PROPER SANITATION FACILITY. PUBLIC SPACE/ROAD WILL NOT BE ENCHROACHED FOR THE SAME IN ANY CASE AS PER OWNER/APPLICANTS SUBMIT THE NOTERISED UNDERTAKING FOR THE SAME.
21. PERMANENT PROVISION ON THE SITE FOR WASHING AND CLEANING OF TYRE/WHEEL OF THE VEHICLES/DUMPER/EQUIPMENTS COMING AND GOING ON THE PUBLIC ROAD. OTHERWISE LEGAL ACTIONS WILL BE TAKEN AND OWNER AND DEVELOPER WILL BE SOLELY RESPONSIBLE FOR ANY DAMAGE OR SPOIL OF PUBLIC ROAD.
22. THE DEVELOPMENT PERMISSION IS GIVEN ON THE BASIS OF NOTERISED UNDERTAKING BY OWNER/ APPLICANT AND DEVELOPERS FOR THE RIGHTS TO DEVELOP AND CONSTRUCTION ON THE SAID LAND BY DEVELOPERS AND IT WILL BE BINDING AND APPLICABLE TO BOTH PARTIES.
23. THIS DEVELOPMENT PERMISSION HAS BEEN GRANTED AS PROVIDED IN NOTIFICATION NO: EDB/172018/3784/L; DTD.26/04/2018, DTD.25/09/2018, NOTIFICATION NO: PRCH/102018/7198/L; DTD.15/10/2018, DTD.29/6/2019 & OTHERS OF URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT,GOVERNMENT OF GUJARAT AND DIRECTIONS ISSUED BY COMPETENT AUTHORITY FROM TIME TO TIME, UNDER PROVISION OF COMPREHENSIVE GENERAL DEVELOPMENT CONTROL REGULATIONS-2017.
24. (A)TOTAL PARKING AREA SHOWN IN APPROVED PLAN MUST BE MAINTAINED. (B)PARKING AREA MUST BE RETAINED AS EFFECTIVE PARKING SPACE AND SHALL BE MAINTAINED WITH LIGHT AND VENTILATION SYSTEM. (C)IF MISUSE OF PARKING SPACE IS NOTICED,THE USE OF THE ENTIRE BUILDING SHALL BE DISCONTINUED BY THE COMPETENT AUTHORITY. BUILDING USE SHALL BE PERMITTED ONLY AFTER THE REQURIED PARKING SPACES ARE PROVIDED. HIGH PENALTY SHALL BE LEVIED CONSIDERING THE PERIOD OF MISUSE OF THE PARKING SPACE AND BENEFIT DERIVED OUT OF MISUSE AS DECIDED BY THE COMPETENT AUTHORITY FROM TIME TO TIME AND ALL ABOVE TERMS AND CONDITIONS MENTIONED WILL BE APPLICABLE AND BINDING TO ALL CONCERN PERSONS.
25. THE FEE/CHARGES OF ADDITIONAL F.S.I. FEE SHALL BE PAID BY OWNER/APPLICANT AS PER 25 CHARGES AT THE TIME OF COMMENCEMENT CERTIFICATE AND OTHER 75 CHARGES IN 8 INSTALLMENTS IN 2 YEARS AS PER OPTION NO. 3 OF CIRCULAR NO:- 01/2022-23, DATE:- 13/04/2022 AND CIRCULAR NO:- 37/2013-14, DATE:- 27/12/2013 AND OWNER/ APPLICANT HAS TO OBEY THE TERMS AND CONDITION AS PER AFFIDAVIT GIVEN FOR THE SAME DT:-09/04/2024.
26. "રહેણાંક ઝોન-૦૩(R3) " માં આવે છે. તથા એસ.પી. રીંગ રોડ અનુસંધાને કલમ-૧૨(૨)(m) મુજબ "રેસીડેન્સીયલ એફોર્ડેબલ હાઉસીંગ ઝોન(RAH) (Overlay Zone)" માં સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ની જોગવાઇ મુજબ ૪૫.૦૦ મી સુધીની ઉંચાઈની મર્યાદામાં Block-A+B રહેણાંક(Dwelling-3) +કોમર્શીયલ (Mercantile-1) મીક્ષ ઉપયોગના રેસીડેન્સીયલ અફોર્ડેબલ હાઉસીંગ (RAH) પ્રકારના બાંધકામની વિકાસ પરવાનગી આપવા ડે.મ્યુનિસીપલ કમિશનરશ્રી (અર્બન ડેવલપમેન્ટ)ની તા. ૨૬/૦૩/૨૦૨૪ ની મંજુરીને આધીન.
27. સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના ક્લોઝ નં.-૧૯ ની જોગવાઇ મુજબ સદરહું બિલ્ડીંગનું મેઇન્ટેનેન્સ એન્ડ અપગ્રેડેશન કરવાનું રહેશે તથા આ અંગે અરજદારે રજુ કરેલ નોટરાઇઝ્ડ બાંહેધરી ને આધીન.
28. ઓનલાઇન ફાયર અભિપ્રાય FOPN-NW01-001-H-0100039, DT.12/12/2023 માં સબમીટ કરેલ પ્લાન મુજબ જ વિકાસ પરવાનગીના પ્લાન રજુ કરેલ છે તે મુજબની અરજદારે રજુ કરેલ નોટરાઇઝ બાંહેધરીને આધીન.
29. ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ અન્વયે અરજદારશ્રીએ આપેલ નોટરાઇઝડ બાહેંધરીપત્ર ને આધિન.
30. ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ અન્વયે રેવન્યુ રેકર્ડમાં ટી.પી.સ્કીમ રૂએ કપાત જમીનમાં અ.મ્યુ.કો.ના નામ દાખલ કરવા અંગે અરજદારશ્રીએ આપેલ નોટરાઇઝડ બાહેંધરીપત્રને આધિન.
31. માલિકી અંગે અરજદારશ્રીએ રજૂ કરેલ ગામ નમૂના નં.7/12 ને આધીન.
32. અલગ-અલગ કેટેગરીના યુનિટને સીંગલ યુનિટમાં ફેરવવામાં આવશે તો, અ.મ્યુ.કો.દ્વારા જી.ડી.સી.આર.-2017 ની જોગવાઇ મુજબ "punishment/Action" લેવામાં આવશે તથા તે મુજબની રજુ કરેલ નોટરાઇઝ બાંહેધરી ને આધીન.
33. "સદર જમીન/ફા.પ્લોટ (બિલ્ડીંગ યુનિટ), માલીકી અંગે તથા બાંધકામ અંગે કોઇ પણ પ્રકારનું કોર્ટ લીટીગેશન નથી." મુજબની અરજદાર/ડેવલપર દ્વારા રજુ કરેલ નોટરાઇઝ બાંહેધરીને આધીન.
34. ઇલેક્ટ્રીક સબ-સ્ટેશનના માપ તથા લોકેશન અંગે અરજદારશ્રી દ્વારા રજૂ કરેલ નોટરાઇઝ બાંહેધરીને આધીન.
35. રીયલ એસ્ટેટ (રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ ની કલમ-૩ ની જોગવાઇ મુજબ,રાજ્યમાં કોઇ પણ વિકાસ કાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે,પ્લોટ,એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ ,બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી ,રાજ્ય સરકાર ધ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી.
36. ચાલુ બાંધકામની સાઇટ ઉપર રજાચિઠ્ઠીમાં જણાવેલ શરત મુજબ પ્લોટની હદે/સલામતી હેતુસર Barricade(પતરાની વાડ), ઉપરાંત ધુળ/રજકણોનો પ્રસાર અટકાવવા માટે બાંધકામની ઊંચાઈનાં સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઇ સુધીના પડદા/વિન્ડશિલ્ડ/ગ્રીનનેટ/બેરીકેટીગની વ્યવસ્થા કરાવવાની રહેશે.
37. ચાલુ બાંધકામની સાઇટ ઉપર ઈમારતી માલસામાન/કાટમાળનાં કારણે ધુળ રજકણો ઉડે નહી તે માટે રજકણો વાળી જગ્યામાં પાણીનો છંટકાવ કરી સાઇટ તથા લુઝ મટીરીયલ યોગ્ય કપડા/ઢાંકી શકાય તેવા મટીરીયલ્સ વડે યોગ્ય રીતે ઢાંકીને(Cover કરીને) રાખવાની વ્યવસ્થા કરાવવામાં આવે તે સુનિશ્ચિત કરાવવાનુ રહેશે.
38. બાંધકામ દરમિયાન આજુબાજુની માલ-મિલ્કત કે સાઇટ પર કામ કરનાર તથા અન્યોને જાન-માલનું નુકશાન ન થાય તે રીતે આયોજન બધ્ધ નિયમાનુસાર સેફટી નેટનો ઉપયોગ કરી કામગીરી કરવાની રહેશે તથા સલામતી અંગેની તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબદારી માલિક/અરજદારશ્રી/ડેવલોપરશ્રીની રહેશે.
39. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬" હેઠળ દરેક માલિકે બાંધકામ પ્રવૃતિ શરુ કરવાના ૩૦ દિવસ પહેલાં સદર કાયદા હેઠળનાં નિયત ફોર્મ-૪ મુજબની નોટીસ તેમજ બાંધકામ શરુ કર્યાનાં ૬૦ દિવસમાં ઉકત કાયદા હેઠળ સાઇટની નોંધણી નિયામકશ્રી,ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની ક્ચેરીમાં કરાવવાની રહેશે.
40. સુકા-ભીનો કચરો અલગ કરવા તેમજ RAIN WATER HARVESTING ની જોગવાઇ કરવા સહિતનાં પર્યાવરણની જળવણી અંગેના તમામ પગલા/આયોજન કાયમી ધોરણે કરવાનું રહેશે તે શરતે તેમજ તે મુજબ વર્તવા અરજદાર/ડેવલોપરે રજુ કરેલ નોટરાઇઝ્ડ બાંહેધરીને આધીન.
41. નોવેલ કોરોના વાઇરસ (COVID-19) સંક્રમણ અટકાવવા સંબધી સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડેલ/નક્કી કરેલ માર્ગદર્શિકા તથા નિયમોનું ચુસ્તતાથી પાલન કરવાની શરતે તથા તેને આધીન.
42. સદરહું બાંધકામની વપરાશ પરવાનગી મેળવવા માટે અરજી કરતા પહેલા THE APPRENTICES ACT-1961 અન્વયે અરજદાર/માલીક દ્વારા તેઓનું EMPLOYER-નોકરીદાતા તરીકે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તથા આ અંગે અરજદાર/માલીક દ્વારા આપવામાં આવેલ બાંહેધરીપત્રને આધિન.
43. કન્સ્ટ્રકશન ટાવર ક્રેન અંગે :- (a) કન્સ્ટ્રકશન માટેની ટાવર ક્રેન ઇન્સ્ટોલેશન અન્વયે The Factories act, 1948 અંતર્ગત Certificate of Competency તથા Industrial Safety And Health Department (GOVT. OF GUJARAT) દ્વારા નિયુક્ત કરેલ એજન્સીનો Inspection Report /Safety Certificate સમય મર્યાદામાં મેળવી site પર રજાચિઠ્ઠી સાથે Display કરવાનું રહેશે તથા સમયાંતરે ઇન્સ્પેક્શન કરાવડાવી Inspection Report /Safety Certificate મેળવવાના રહેશે.(b) ટાવર ક્રેનના Operation દરમ્યાન આજુબાજુની મિલકત તથા મિલકત વપરાશકરતાં તેમજ રસ્તા પરથી પસાર થતાં લોકો/તમામના જાનમાલનું નુકશાન ન થાય તે અંગે તથા સલામતીની સંપૂર્ણ જવાબદારી ટાવરક્રેન સંચાલકો તથા માલિક/DEVELOPERSની રહેશે.(c) Tower Crane ના Lateral Boom ની Plot ની બહાર થતી Movement ને Non-Peak Hours દરમિયાન Crane Signaller તેમજ ઓપરેટીંગ માટેના જરૂરી સ્ટાફના Strict Supervision હેઠળ, Safe Height Clearance સાથે કરવાનું રહેશે. તેમજ કામગીરી દરમિયાન Road Traffic Movement ને અસર થાય તેમ હોય તો જરૂર જણાયે Police Clearance મેળવી લેવાનું રહેશે, તથા ઉપરોક્ત (a), (b) અને (c) મુજબ વર્તવા અંગે માલિક/અરજદારશ્રી દ્વારા રજૂ કરેલ નોટરાઇઝડ બાહેંધરીને આધીન.

For Other Terms & Conditions See Overleaf

સદર પ્રકરણે ચાર્જેબલ એફ.એસ.આઇ.ના નાણા ના હપ્તા ચુકવવાના હોઇ, તે વસુલાત બાબતે બી.યુ. પરમીશન અગાઉ આ ખાતાના વિભાગનો અભિપ્રાય મેળવવાનો રહેશે.

Final Plot boundary and allotment of final plot is Subject to Veriation by Town Planning Officer

The permission is valid only Till the DP/TPS remains unaltered and further that the permission shall stand revoked as soon as there is change in DP/TPS with reference to the land under reference.

આગળના પેજ પર કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી)ની જણાવેલ શરતો ઉપરાંત નીચે જણાવ્યા મુજબની શરતોએ ધી ગુ.ટા.પ્લા. અને અર્બન ડેવ. એક્ટ, ૧૯૭૬ ની કલમ-૨૯ (૧), ૩૪, ૪૯, ૫૨,૭૦ તથા ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૨૫૩ તથા ૨૫૪ ની જોગવાઈઓને તથા કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયમો (સી.જી.ડી.સી.આર.) ની જોગવાઈઓને આધિન આ પરવાનગી આપવામાં આવે છે.

## :: શરતો ::

૧. ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯,ધી ગુ.ટા.પ્લા. અને અર્બન ડેવ. એક્ટ, ૧૯૭૬, ટાઉન પ્લાનીગ સ્કીમના રેગ્યુલેશન, કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયમો તેમજ પ્રવર્તમાન નીતિ - નિયમોને અનુસરીને મકાન બાંધકામ તેમજ ઉપયોગ કરવાનો રહેશે. તેમજ આ અંગેના તમામ કાયદા તેમજ પેટા કાયદાનું પાલન કરવાનું રહેશે. તેમજ તેમાં જે કાંઇ અંકુશો તથા શરતો મુકવામાં આવી છે તેનાથી જો નુકશાન થતુ હશે તો પણ નુકશાનીનો બદલો માગ્યા સિવાય અરજદાર / માલિકે તેનો અમલ કરવાનો રહેશે.

૨. અરજદાર / માલિકને કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી) આપવામાં આવ્યું હશે તો પણ ,ધી ગુ.ટા.પ્લા. અને અર્બન ડેવ. એક્ટ, ૧૯૭૬ મુજબ ટાઉન પ્લાનીગ સ્કીમ અન્વયેની ડિમાન્ડ / ફાળો તેમજ અન્ય કાયદા હેઠળ કોઇ ચાર્જ કે લેણાં બાકી હશે કે ભવિષ્યમાં ચૂકવવાના થશે તો તે મ્યુ. કોર્પો. / સક્ષમ સત્તામાં જમા કરવાના રહેશે.

૩. અરજદાર / માલિકને કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી)માં જણાવ્યા મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે. કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી)માં જણાવ્યા મુજબની શરતો પૈકી કોઇપણ શરતોનું ઉલ્લનઘન કરવામાં આવશે તો મ્યુનિસિપલ કોર્પોરેશન તે શરતોનો અમલ કરાવી શકશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તેવા કૃત્યને લીધે જે કંઇ નુકશાન, ખોટ કે હરકત અરજદાર / માલિકને થશે તે બદલ કોઇપણ પ્રકારનો બદલો મળી શકશે નહીં.

૪. કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી)ની તારીખથી એક વર્ષમાં બાંધકામ શરૂ કરવામાં આવેલ નહી હોય કે નિયત સમયમર્યાદામાં તેના રીન્યુઅલ અંગેની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેલ નહી હોય તો કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી) સહિત આપેલ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

૫. મંજૂર થયેલ પ્લાન મુજબનું સ્થળ પર બાંધકામ પૂરુ થયેથી ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૨૬૩ તેમજ કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.)ની જોગવાઇ મુજબ મકાન વપરાશની પરવાનગી (બી.યુ. પરમીશન)મેળવ્યા બાદ જ મંજુર કરેલ બાંધકામનો વપરાશ કરી શકાશે.

૬. ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૩૭૬ થી ૩૮૩ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ધંધા અગર ઉપયોગ માટે કોઇપણ જગ્યાનો ઉપયોગ કરતા પહેલા અ.મ્યુ.કો./ સક્ષમ સત્તા પાસેથી જરૂરી લાયસન્સ/પરવાના મેળવવાના રહેશે.

૭. પ્લોટના માપો તથા ક્ષેત્રફળ મળી રહેતા હોય તે માટેની સાઇટ તરીકે પ્લોટ યોગ્ય થાય અને પ્લોટ સ્વચ્છ અને ઢોળાવવાળો (ખાડા - પોલાણનો ભાગ રહે નહી અને પાણી ભરાય રહે નહી તેવો) થાય તો જ બાંધકામ શરુ કરી શકાશે.

૮. GRANT OF THIS DEVELOPMENT PERMISSION SHALL NOT MEAN ACCEPTANCE OF CORRECTNESS, CONFIRMATION, APPROVAL OR ENDORSEMENT OF TITLE OF THE LAND, BUILDING, EASEMENT RIGHTS, VARIATION IN THE AREA FROM RECORDS, STRUCTURAL REPORTS & STRUCTURAL DRAWINGS, WORKMANSHIP AND SOUNDNESS OF MATERIAL USED IN CONSTRUCTION OF THE BUILDING, LOCATION AND BOUNDARY OF PLOT, SOLI INVESTIGATION REPORT ETC AND SHALL NOT BIND OR RENDER THE AUTHORITY / AMC OFFICIALS LIABLE IN ANY WAY INTHIS REGARDS (UNDER C.G.D.C.R. CL. NO. 3.3).

૯. પ્લાનમાં મંજુર કર્યા મુજબનું બાંધકામ સ્થળ ઉપર શરૂ કરતાં પહેલા બીન પરવાનગીના/બિન અધિકૃત કાચા - પાકા બાંધકામ અરજદાર/માલિકે પોતાના ખર્ચે/જોખમે દૂર કરવાના રહેશે.

૧૦. પ્લાનમાં મંજુર કર્યા મુજબનું બાંધકામ સ્થળ ઉપર શરૂ કર્યેથી કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.) મુજબ તબક્કાવાર પ્રોગેસ ચેક કરાવવાના રહેશે.

૧૧. કેસમાં રજુ કરવાના થતા સોઇલ રીપોર્ટ,સ્ટ્રકચરલ રીપોર્ટ,સ્ટ્રકચરલ ડ્રોઇંગ બોન્ડ-અન્ડરટેકીંગ-બાંહેધરી વિગેરે ફકત કોર્પોરેશનના રેકર્ડ હેતુ માટે હોઇ તે અંગેની જવાબદારી અ.મ્યુ.કોર્પોરેશનની તથા અધિકારી/કર્મચારીની રહેશે નહિ. આ અંગે જવાબદાર અરજદાર/માલિક/ડેવલપર તથા એન્જિનીયરે/આર્કીટેકટ સ્ટ્રકચરલ એન્જિનીયર,કલાર્ક ઓફ વર્કર્સ રજુ કરેલ પ્રમાણપત્રો/બાંહેધરી તથા રીપોર્ટને આધીન સઘળી જવાબદારી તેઓની (અરજદાર/માલિક/ડેવલપર તથા એન્જિનીયરે/આર્કીટેકટ સ્ટ્રકચરલ એન્જિનીયર,કલાર્ક ઓફ વર્કર્સ) રહેશે.

૧૨. બીલ્ડીગ મટીરીયલ્સ કે કાટમાળ મ્યુ. રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર નાખવામાં આવશે તો તેના કારણે રસ્તા કે ફુટપાથ ને જે કાંઇ નુકશાન થશે તેનુ ખર્ચ વત્તા નિયમાનુસારની પેનલ્ટીની રકમ અરજદાર/માલિક પાસેથી વસુલ કરવામાં આવશે.તેમજ આ બાંધકામની કમીન્સમેન્ટ સર્ટીફીકેટ (રજાચિઠ્ઠી) રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.)ની જોગવાઇ તેમજ જે તે સમયે સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ નિતી અનુસાર પરકોલેટીંગ વેલ/પીટ,વોટર હાર્વેસ્ટીગ,ટ્રી-પ્લાન્ટેશન/વૃક્ષા રોપણની જોગવાઇ બીલ્ડીગ પ્લોટમાં કરવાની રહેશે.સેપ્ટીક ટેન્ક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા,ઇન્સપેકશન ચેમ્બર,મેનહોલ વિગેરે ડ્રેનેજ લેઆઉટમાં બતાવ્યા મુજબના સ્થળે કરવાની જવાબદારી અરજદાર માલિક/ડેવલપર તથા એન્જિનીયરે/આર્કીટેકટ સ્ટ્રકચરલ એન્જિનીયર,કલાર્ક ઓફ વર્કર્સની રહેશે.

૧૪. મકાનમાં બાંધકામ/ડીમોલીશ કરતી વખતે અથવા ત્યારબાદ આજુબાજુના મકાનો/મિલકતને અન્ય કોઇપણ જાતનું નુકશાન કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદાર માલિક/ડેવલપર તથા એન્જિનીયરે/આર્કીટેકટ સ્ટ્રકચરલ એન્જિનીયર,કલાર્ક ઓફ વર્કર્સની રહેશે. અ.મ્યુ.કોર્પોરેશન આ બાબતે દિવાની યા ફોજદારી રાહે જવાબદાર ગણાશે નહિ. તેમજ આજુબાજુના રહીશોને કોઇપણ સમયે ખલેલ/નુકશાન થાય નહિ તે રીતે બાંધકામ /ડિમોલિશનની કામગીરી કરવાની રહેશે.

૧૫. મંજુર થયેલા પ્લાન તેમજ કમેન્સમેન્ટ સર્ટીફિકેટ (રજાચિઠ્ઠી)ની નકલ દરેક મેમ્બરને ફરજીયાત આપવાની રહેશે. અને બાંધકામની સાઇટ પર નોટિસ બોર્ડ ઉપર જાહેરમાં જોઇ શકાય તે રીતે દર્શાવવાની રહેશે.

૧૬. મકાન વપરાશની પરવાનગી(બી.યુ.) પરમીશન મેળવ્યા બાદ જ ડ્રેનેજ/પાણી તથા અન્ય સર્વીસ-યુટીલીટી માટે નિયમાનુસાર અરજી કરી શકાશે.

૧૭. બાંધકામ તથા અન્ય બાબતો કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.) સાથે સુસંગત નહિ હોય કે કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.)ના વિનીમય ૨.૬ મુજબ અરજદાર માલિકે ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પૂરાવા રજુ કરેલ હશે તો આ કમીન્સમેન્ટ સર્ટીફીકેટ (રજાચિઠ્ઠી) તથા મંજુર કરેલ પ્લાન આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૮. ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી.ગટરની વેન્ટ પાઇપ ઉપર જીણુ કપડુ બાંધીને રાખવું અથવા પાતળા વાયરની જાળી રાખવી. મેલેરીયા કર્મચારી માટે ઓવરહેડ ટાંકીની તપાસ માટે સીડીની વ્યવસ્થા કરવી.

૧૯. કન્સ્ટ્રકશન/ડીમોલીશનની પ્રવૃતિ દરમયાન પ્લોટની દરેક બાજુએ ઓછામાં ઓછી ૩ મી. ઊંચાઇની પતરાની વાડ (બેરીકેડ) તથા બહુમાળી બિલ્ડીગમાં ઉપરના માળના બાંધકામ સમયે ચારે બાજુ નેટ સેફટીનું પ્રોવીઝન સલામતીના જળવાઇ તે હેતુસર કરવાની રહેશે.

૨૦. RESPONSIBILITY (C.G.D.C.R.-2017, 4.3,4.4 & 4.5) : APPROVAL OF DRAWINGS AND ACCEPTANCE OF ANY STATEMENT, DOCUMENTS, STRUCTURAL REPORT, STRUCTURAL DRAWINGS, PROGRESS CERTIFICATE OR BUILDING COMPLETION CERTIFICATES SHALL NOT DISCHARGE THE OWNER, ENGINEER, ARCHITECT, CLERK OF WORKS/SITE SUPERVISOR, STRUCTURAL DESIGNER, DEVELOPER, OWNER FROM THEIR RESPONSIBILITIES, IMPOSED UNDER THE ACT, THE DEVELOPMENT REGULATIONS AND THE LAWS OF TORT AND LOCAL ACTS.

૨૧. LIABILITY (C.G.D.C.R.-2017, 3.3.2) : NOTWITHSTANDING ANY DEVELOPMENT PERMISSION GRANTED UNDER THE ACT AND THESE REGULATIONS, ANY PERSON UNDERTAKING ANY DEVELOPMENT WORK SHALL CONTINUE TO BE WHOLLY AND SOLELY LIABLE FOR ANY INJURY OR DAMAGE OR LOSS WHATSOEVER THAT MAY BE CAUSED TO ANY ONE IN OR AROUND THE AREA DURING SUCH CONSTRUCTION AND NO LIABILITY WHATSOEVER IN THIS REGARD SHALL BE CAST ON THE COMPETENT AUTHORITY OR ANY OFFICER/EMPLOYEE TO WHOM POWER HAS BEEN DELEGATED .

૨૨. LIABILITY FOR ENSURING SAFETY DURING CONSTRUCTION (C.G.D.C.R.-2017, 5.4.3) : THE OWNER OR DEVELOPER AND THE CLERK OF WORKS ON RECORD SHALL BE RESPONSIBLE FOR ENSURING THAT ALL NECESSARY MEASURES FOR SAFETY FOR ALL ARE TAKEN ON SITE. GRANT OF DEVELOPMENT PERMISSION, GRANT OF BUILDING USE PERMISSION FOR PART OF A BUILDING, OR ISSUING OF ANY INSTRUCTIONS TO ENSURE PUBLIC SAFETY OR REDUCE INCONVENIENCE, DOES NOT RENDER THE COMPETENT AUTHORITY LIABLE FOR ANY INJURY, DAMAGE OR LOSS WHAT SO EVER THAT MAY BE CAUSED TO ANYONE IN OR AROUND THE AREA DURING THE PERIOD OF CONSTRUCTION.

૨૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્રક્માંક નં. પરચ/૮૦૨૦૧૦/૬૩૨૫/પી તા. ૧૬/૧૧/૨૦૧૦ ના પત્ર અનુસાર બાંધકામની જગ્યા એ મોટા અક્ષરે ગુજરાતી ભાષામાં બાંધકામની તમામ વિગતો દર્શાવતું બોર્ડ કાયમી મુકવાની શરતે.

૨૪. સેલરના ખોદાણકામ/ બાંધકામ દરમ્યાન આજુબાજુની જાનમાલ કે મિલ્કતોને કોઇપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદાર/માલિક/આર્કીટેકટ/ એન્જીનિયર/ સ્ટ્રકચરલ એન્જીનિયર / કલાર્ક ઓફ વર્કસ (સાઇટ સુપરવાઇઝર)ની રહેશે, તથા સંપૂર્ણ ખોદકામ એક સાથે નહી કરતાં, તબક્કાવાર કરી, જરૂરી પ્રોટેકટીવ સપોર્ટ ( Shoring/ Shutterring) ની વ્યવસ્થા કરી બાંધકામ કરવાનું રહેશે, તથા ખોદાણકામ/ બાંધકામ દરમ્યાન આજુબાજુની જાનમાલ કે મિલ્કતોની સલામતી માટે કરવાની જરૂરી વ્યવસ્થાનું એન્જીનિયર/ સ્ટ્રકચરલ એન્જીનિયર / કલાર્ક ઓફ વર્કસ (સાઇટ સુપરવાઇઝર) દ્વારા સતત નિરીક્ષણ કરી , જરૂર જણાય તો તાકીદે વધારાની વ્યવસ્થા કરવાની રહેશે તથા તે અંગે અરજદાર/ માલિક / ડેવલપર્સ/ આર્કીટેકટ / એન્જીનિયર/ સ્ટ્રકચરલ એન્જીનિયર/કલાર્ક ઓફ વર્કસશ્રી દ્વારા આપેલ નોટરાઇઝડ બાંહેધરી મુજબ વર્તવાની શરતે તથા સ્થળે સલામતીના યોગ્ય પગલા લીધા સિવાય બાંધકામ/ ખોદાણકામ / ડિમોલીશન ની કામગીરી કરવામાં આવતી જણાશે તો તાત્કાલીક અસરથી રજાચિઠ્ઠી સ્થગિત /રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તથા ખોદકામમાં નિકાલ થયેલ માટીથી તેમજ ઇમારતી માલસામાનના જાહેર માર્ગો પર થતા પરિવહન દરમ્યાન જાહેર માર્ગને નુકશાન થાય નહિ તે માટે જરૂરી જોગવાઇ કરવાની રહેશે.

ઉપર જણાવેલ કોઇપણ શરતોનો ભંગ થશે તો આપેલ બાંધકામનું આરંભ પ્રમાણપત્ર (રજાચીઠ્ઠી) રદ કરવામાં આવશે..

---

મ્યુ. કમિશ્નરશ્રી,

આ કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી) દ્વારા જે વિકાસ કરાવા પરવાનગી આપેલ છે તે અમે વિકાસ પરવાનગી મેળવવા જે પ્લાન સાથે અરજી તેમજ બાહેંધરી રજુ કરેલી તેના આધારે છે. માટે અરજીમાં કે પ્લાનમાં અમારા દ્વારા કરવામાં આવેલ રજુઆત કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર.)ના નિયમો સાથે સુસંગત નહી હોય તેમજ બાહેંધરી કે અરજી માં અમારા દ્વારા કરવામાં આવેલ રજુઆત ખોટી હશે તો આ કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી) રદ થયેલી ગણાશે તથા કરેલ બાંધકામ અમારા ખર્ચે અને જોખમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દૂર કરી શકશે અને કરેલ બાંધકામ દૂર કરવા અમને કાયદાકીય કોઇપણ પ્રકારની નોટિસ કે જાણ કરવાને રહેશે નહીં. આ કમેન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચીઠ્ઠી) ની ઉપરોક્ત તમામ શરતો મે/અમે વાંચેલ છે અને સાથે અમે સંમત છીએ.

માલિક/અરજદાર ની સહી

UTSAV D. PATEL
LIC. NO.: 001DV02042901271
61, RIDDHI SOCIETY,
NR. SWAMINARAYAN TEMPLE,
K K NAGAR, GHATLODIA AHMEDABAD-61

એન્જીનીયર/આર્કીટેક્ટની સહી

UTSAV D. PATEL
LIC.NO. 001ERH15032901346
61, Riddhi Society, Nr. Swaminarayan Temple,
K. K. Nagar Road, Ghatlodia, Ahmedabad-61